INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેકસ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૮-૦૪-૨૦૨૪**

- **ભાજપ પાસે વોશિંગ મશીન નહિ પરતું 'મોટી લોન્ડ્રી' છે.**
- **વિટામિન M(મની), મશીન(ઇવીએમ), મશીનરી (સરકારી એજન્સીઓ) મેનપાવરના દુર ઉપયોગ, ડર, ભય, ભાજપ સરકારે 'કોકટેલ' બનાવ્યું છે**

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા, પૂર્વ સાંસદશ્રી ડૉ. અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે સુરતમાં તાજેતરની જીતને લોકતાંત્રિક નબળી પાડવાનું અને લોકશાહીના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરવાનું કામ ભાજપે કર્યું છે. નાણાં, મશીનરી અને મેનપાવરનો દુરુપયોગ ભાજપ કરી રહ્યો છે. તાજેતરની લોકસભાની ચૂંટણીમાં ભાજપના કુલ ૪૧૭ ઉમેદવારોમાંથી એક ચતુર્થાંશ ઉમેદવારો અન્ય પક્ષોમાંથી પક્ષપલટો કર્યો છે. ભાજપ સરકાર સંસ્થાને નષ્ટ કરવાનું કામ કરી રહી છે. ભાજપ સરકાર શામ, દામ, દંડ, ભેદ નીતિ અપનાવી રહી છે. જે આજ સુધી ક્યારેય નથી થયું. ભાજપ સરકાર ઉમેદવારને ખરીદવાનું અને લોકતંત્રની મજાક બનવવાનું કામ કરી રહી છે. ભાજપ દ્વારા કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં સત્તા મેળવવા ખરીદ વેચાણ કરવામાં આવ્યું હતું. ૭૫ વર્ષમાં અનેક સરકાર આવી પરતું આ ભાજપ સરકાર જેવી કોઈ સરકાર આવી નથી. જેને બંધારણીય સંસ્થાઓને ન ભરપાઈ થાય તેવું નુકસાન કર્યું છે. લોકસભાની ચૂટણીમાં ભાજપે ૪૧૭ ઉમેદવાર ઉભા રાખ્યા છે જેમાંથી ૧૧૬ ઉમેદવાર વિવિધ પક્ષોમાંથી આવ્યા હોય તેવા છે. હરિયાણાનાં ૫૦ ટકા ભાજપના ઉમેદવાર અન્ય પક્ષોમાંથી આવેલા છે. મુખ્ય પક્ષોમાંથી ૨૫ આગેવાનો જેના પર ભાજપ ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહ્યા હતા તેમાંથી ૨૩ જેટલા લોકો ભાજપના વોશિંગ મશીનમાં ધોવાઈ ગયા છે. ભાજપ પાસે વોશિંગ મશીન નહિ પરતું 'મોટી લોન્ડ્રી' છે. મની, મેન પાવર અને મશીનરીનો દૂરઉપયોગ ભાજપ સરકાર કરી રહી છે. જે ચૂંટણી આવે ત્યારે ઉમેદવાર ખરીદવાનું કામ ચાલુ કરે છે. ભાજપ પ્રતિશોધની રાજનીતિ કરી રહી છે. ૭૫ વર્ષમાં અનેક સરકાર બની છે પણ કોઈ સરકારે આવી હીન કક્ષાની રાજનીતિ નથી કરી.

બંધારણીય સંસ્થાઓને બનાવામાં દસકો લાગે છે. તેની વિશ્વસનીયતા બનતા ઘણા વર્ષો થાય છે. બંધારણીય સંસ્થાઓના મૂલ્યોને ખતમ કરવાનો ભાજપ પ્રયાસ કરી છે. ચંદીગઢ મેયરની ચુંટણીમાં નામદાર ન્યાયાલયના ચુકાદાએ સ્થિતિ સ્પષ્ટ કરી હતી. ચુંટણીમાં ઉમેદવારો અને ટેકેદારોને તોડવાનું કામ થાય છે. ૧૦ વર્ષમાં ભાજપ સરકારે 'લોકશાહી હનનના માઈલસ્ટોન સ્થાપ્યા તે જાણવા જેવું છે. ૧૧૬ જેટલા નેતાઓ પક્ષપલટુ નેતાઓ ભાજપ પાસે છે. ૮૫ ટકા નેતાઓ ૨૦૧૪ પછી ભાજપમાં જોડાયેલા છે. સંવિધાન, લોકતંત્ર ખતમ કરવા માટે પ્રયાસ થઈ રહ્યા છે. ઇલેક્ટોરલ બોન્ડનું ૨/3 ફંડ ભાજપ શાસિત રાજ્યોમાં સ્થાપિત કંપનીઓમાંથી આવ્યું છે. ભાજપ દ્વારા વિપક્ષના નેતાઓ પર જ કેન્દ્રીય એજન્સીઓ કેસ કરી રહી છે. નેતાઓને ડરાવવા માટે ભાજપે તેમની 'પેટર્ન રજિસ્ટર્ડ કરાવી દેવા જોઈએ, સાક્ષીઓને ડરાવી ધમકાવીને નેતાઓ સામેના કેસ મજબૂત બનાવવામાં આવે છે. સાક્ષીઓએ આપેલા સ્ટેટમેન્ટ બદલવા માટે સાક્ષીને દબાણ કરાય છે. વિટામિન M(મની),

મશીન(ઇવીએમ), મેનપાવર, મશીનરી (સરકારી એજન્સીઓ)ના દુર ઉપયોગ, ડર, ભય, ભાજપ સરકારે 'કોકટેલ' બનાવ્યું છે

પ્રધાનમંત્રીશ્રી મિથ્યા પ્રચાર કરી રહ્યા છે, ભાજપ દ્વારા જૂના વિડિયો એડિટ કરીને બહાર લાવવામાં આવી રહ્યા છે. પૂર્વ પ્રધાનમંત્રીશ્રી ડૉ.મનમોહનસિંહની ૧૫ વર્ષ જૂની સ્પિચને ખોટી રીતે બતાવવામાં આવી રહી છે. ભાજપ આ પ્રકારની રાજનીતિથી પ્રધાનમંત્રીના પદની ગરિમાને નુકસાન પહોંચાડી રહ્યા છે. બીજા તબ્બકાના મતદાન પછી ભાજપમાં 'ડર'નો માહોલ જેથી આ પ્રકારના શબ્દો પ્રધાનમંત્રીશ્રી બોલી રહ્યા છે.

ચુંટણી દરમ્યાન હેટ સ્પીચ મામલે વારંવાર ફરિયાદો કરવામાં આવી છે. સ્પીચ કોઇ નેતા આપે અને નોટિસ અન્ય કોઇ નેતાઓને આપવામાં આવે છે. પરતું ભાજપના નેતાઓ હેટ સ્પીચ મામલે કરવામાં આવેલી ફરિયાદો ઉપર કાર્યવાહી કરવામાં વિલંબ થઇ રહ્યો છે તેમ જણાય છે. સુરત લોકસભા બેઠક બિનહરીફ થવા પર ડૉ. અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે રિટર્નિંગ ઓફિસર સિગ્નેચર નક્કી ના કરી શકે, ફોરેન્સિક લેબમાં સિગ્નેચર નક્કી થવા જોઈતા હતા, સુરત જીતવાનો વિશ્વાસ હતો તો ઇલેક્શનની જગ્યાએ સીલેકશન કેમ કર્યું ? સુરતના સમગ્ર મામલે કોંગ્રેસ પક્ષ ઇલેક્શન બાદ કાયદેસર કાર્યવાહી કરીશું.

કોંગ્રેસ પક્ષે જે વચન આપ્યા તે પુરા કર્યા છે અને લોકસભા ચૂટણીમાં કોંગ્રેસ સરકાર બનતા જ દર વર્ષ ૩૦ લાખ સરકારી રોજગાર આપીશું, ગરીબ પરિવારની મહિલા માટે ૧ લાખ રૂપિયા વાર્ષિક આપીશું. ભાજપનાં જુમલા પત્રમાં ક્યાંય રોજગારી, ખેડૂતોને યોગ્ય ટેકાના ભાવ (MSP) આપવા બાબતે કોઇ ઉલ્લેખ નથી, પ્રધાનમંત્રીશ્રી મહિલા સશક્તિકરણની બાબતે વાત તો કરે છે પણ તેમના જુમલા પત્રમાં કોઇ સ્પષ્ટ ઉલ્લેખ થયો નથી. ભાજપના જુમલા પત્રમાં ક્યાંય મણિપુર, લદ્દાખનો ઉલ્લેખ નથી કરાયો. જ્ઞાતિ આધારિત ગણતરીથી પ્રધાનમંત્રીશ્રી મોદી કેમ ડરી રહ્યા છે?

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં કોંગ્રેસ પક્ષના મીડિયા ડીપાર્ટમેન્ટનાં કન્વીનર અને પ્રવક્તાશ્રી ડૉ.મનીષ દોશી, પૂર્વ સાંસદશ્રી અમીબેન યાજ્ઞિક, વરિષ્ઠ નેતાશ્રી જયનારાયણ વ્યાસ, લીગલ સેલના ચેરમેનશ્રી યોગેશ રવાણી, વરિષ્ઠ નેતાશ્રી બાબુ માંગુકિયા, શ્રી પંકજ ચાંપાનેરી, શ્રી ઇકબાલ શેખ, ઉપપ્રમુખશ્રી પંકજ પટેલ, મીડિયા કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, એઆઇસીસી મીડિયા કો-ઓર્ડીનેટર શ્રી સારિકાસિંઘ, પ્રદેશ પ્રવક્તાશ્રી હિરેન બેન્કર, શ્રી રત્નાબેન વોરા, શ્રી મનીષા પરીખ ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા